સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૧

ત્રાડ હતી 'મરાઠી માનુષ' માટે એ ઢાલ હતી,
ખાલ નો'તી માત્ર 'કટ્ટર' હિંદુત્વની ચાલ હતી,
બાલ પ્રભાવે હતો તાલમાં કાલ સુધી કબીલો -
કલાકાર-કલમી-સૌમ્યને વાઘની ખાલ હતી..
(બાલાસાહેબ ઠાકરેની વિદાય)

વાત્સલ્ય વાઘ
અનિષ્ઠો ને ડરાવી
રડાવી ગયો..

મહાનાયકે
વિનાયક યોથના
લીધી વિદાય..

ચિંતન

અપિ દોર્ભ્યાં પરિબધ્ધ બધ્ધાપિ ગુણૈરનેકધા નિપુણૈઃ ।
નિર્ગચ્છતિ ક્ષણાદિવ જલધિજલોત્પત્તિપિચ્છલા લક્ષ્મીઃ ॥

'લક્ષ્મી, સમુદ્રમાંથી એટલે કે અગાધ જળમાંથી ઉત્પન્ન થયાં છે, અને જળને કારણે તે 'લપસણી' યંગળ થયા છે. ભલેને નિષ્ણાંત-નિપુણ-વ્યક્તિઓ તેને બંને હાથ વડે જોર-શોરથી કસી બાંધી રાખે તેમજ સદ્‌ગુણોના દોરડાંથી બાંધી રાખે, જકડી રાખે તો પણ તે ક્ષણવારમાં સરકી જાય છે..'

આજકાલ 'સેવા'ની પડાપડીને બદલે સત્તા માટે પડાપડી થાય. સત્તાનું લક્ષ્ય માત્રને માત્ર 'ખાયકી'ની તક અને કૌભાંડોના કારસ્તાન કરવાનું હોય - આવા પ્રધાનશ્રીઓ અને સાહેબો અધિકારીશ્રીઓ શરૂઆતમાં 'સ્વચ્છ' હમેજ ઉભી કરે છે પણ પછી નિયમિત બંધાયેલા હપ્તા વડે બંધનમાં આવી જાય છે.

'લક્ષ્મી'નો લપસણો સ્વભાવ ગમે તેવા મજબૂત અને સંયમીને પણ લપકાવી દે છે આવા લોકો શરૂઆતમાં પોતાને ફુનેહબાજ અને નિષ્ણાત સમજતા હોય છે પણ લક્ષ્મીનો પ્રભાવ છુપો રહેતો નથી. બધા સદ્‌ગુણોના બંધનમાંથી પણ લક્ષ્મી છટકી જાય છે તેને પકડી રાખનારને પટકી કોર્ટ-જેલનાં દરવાજે ધકેલી દે છે.

લક્ષ્મીની યંગળતા પાસે કોઇની ચાતુરી કામ આવતી નથી.

સુવિચાર

- જે ધનિક હૃદયથી પણ ધનવાન નથી તે ભિખારી કરતાં પણ વધારે હલકો છે - એમર્સન
- જો તમે ધનને તેના સ્વભાવને ઓળખી શકો તો તે તમારો દાસ થઇને રહે પણ જો તમને એની પ્રકૃતિ ઓળખતાં ન આવડે તો તમને એ ગુલામ બનાવી નાખે છે- હોરેસ
- જો તમને સામાન્ય આર્થિક પરિસ્થિતિમાં સુખ નહીં માણી શકો તો અપાર ધનરાશિ પણ તમને સુખ નહીં આપી શકે - એસ. ભટ્ટાચાર્ય
- ધન-સમૃદ્ધિના મહાસાગરમાં, માન-સન્માન, સત્ય-કર્મ બધું જ ડૂબી જાય છે- વાઇલ્ડ
- લક્ષ્મી અને વિવેક બંને એક સાથે ભાગ્યે જ જોવા મળે છે - હિલી
- લક્ષ્મી, પુરૂષાર્થ અને વિવેકને અનુસરે છે - યુરોપિડીસ
- જીવન-સંસારમાં બુદ્ધિ-નિષ્ઠાનું નહીં-લક્ષ્મીનું પ્રભુત્વ છે - સિસેરો

બોધ કથા

આજકાલ મોટા રાજવી, વેપારી, ધનિક કે પ્રધાનશ્રીના પરિવારો કે ધાક ધરાવતા 'ભાઇ' કે મૂછો ના થોભીયા ધરાવતાં 'બાપુ' જેમની પરવાનગી વિના ગામમાં કે આસપાસમાં પાંદડુ ય ન હલે - એવા પરિવારમાં દીકરી દઇ વડીલો મનમાં પોરસાતા હોય કે 'આવા મોટા માણસ અમારા વેવાઇ છે' - પણ દીકરી દુઃખના દરિયામાં મૂંઝારા અનુભવતી હોય! ન કે'વાય ન સે'વાય!

એક શિયાળી અને વાઘણને નાનપણની દોસ્તી-વાઘણે માગું નાખ્યું, મારા દીકરાને અમારી નાતમાં કોઇ દેતું નથી, તું મારી દીકરી દે!

શિયાળી તો મોટું કુળ-પરિવાર અને એમની જંગલમાં ધાક જોઇ રાજી રાજી થઇ ગઇ. શિયાળને વાત કરી, શિયાળે તમામ ભય સ્થાન બતાવ્યાં ને કહ્યું, એવાં લોકો સાથે ભાઇબંધી રખાય પણ દૂરના નમસ્કાર સારા 'સંબંધી' ન થવાય!

બૈરાં ને હંમેશાં પોતાનો પતિ ભોટ-અણસમજુ, ઓછી અક્કલવાળો જ લાગે, પોતાની ચાણક્યની નીતિની ચાલ સમજાવી ગમે તેમ કરી પતિને પટાવી લીધો.

..અને બાર મહિનામાં તો દીકરીની ફરિયાદો, મજૂરી, રૂઢિચૂસ્ત કડકાઇ, ધાકધમકી, પહેરાબંધી અને નીચાં કુળની સંભરામણી શરૂ થઇ ગયાં.

શિયાળી મનમાં સમસમી ગઇ વેવાઇની ઠપકો આપે તો પરિણામ નક્કી જ હતું. આખરે દીકરીએ આત્મહત્યા કરી..

એક રીતે જોવા જઈએ તો આપણે દુર્યોધનની જ ઝેરોક્ષ કૉપી જેવા છીએ, ઍટલીસ્ટ અમુક બાબતોમાં તો ખરા જ, શું સાચું છે તેની ખબર હોય છે પરંતુ જે ખોટું છે, એ જ કરવું પડે છે - અથવા એમ કહો કે ખોટું આપણે છોડી શકતા નથી

આપણે બધા દુર્યોધન છીએ

વિચાર યાત્રા
- જય ઓઝા

મહાભારતમાં વ્યાસે એક માર્મિક પ્રસંગ મૂક્યો છે. દુર્યોધનને એકવાર વિદૂર સમજાવે છે કે ભાઇ-ભાઇના યુધ્ધનું કેવું વરવું પરિણામ આવી શકે તેમ છે! આ સાંભળીને દુર્યોધન કહે છે -

જાનામિ અહં ધર્મ, ન ચ મે પ્રવૃત્તિ ।
જાનામિ અહં અધર્મ, ન ચ મે નિવૃત્તિ ॥

ધર્મ શું છે તે હું જાણું છું, પણ મારાથી પળાતો નથી, અને અધર્મ શું છે તે હું જાણું છું, પણ મારાથી તે છોડી શકાતો નથી.

આપણા સૌની ઓછાવત્તે અંશે આવી જ દશા હોય છે, એક રીતે જોવા જઇએ તો આપણે દુર્યોધનની જ ઝેરોક્ષ કોપી જેવા છીએ. એટલીસ્ટ અમુક બાબતોમાં તો ખરા જ. શું સાચું છે તેની ખબર હોય છે પરંતુ જે ખોટું છે, એ જ કરવું પડે છે - અથવા એમ કહો કે ખોટું આપણે છોડી શકતા નથી.

સવારે 'સંસ્કાર', 'આસ્થા' અને એવી બીજી આધ્યાત્મિક ચેનલ પર એખરી જઇએ એટલું જ્ઞાનરૂપી ભાણું પીરસવામાં આવે છે. પણ દિવસ દરમિયાન તેનો શત-પ્રતિસત અમલ કરવો અશક્ય છે. આપણે સત્ય જાણતા હોવા છતાં સ્વીકારી શકતા નથી.

શાણા અને ડહાપણભર્યા ઉપદેશ આપણને એક બાજુ ખેંચે છે, અને બીજી બાજુ દોરી જાય છે. એક ડોક્ટર જાણતો હોય છે કે આવેલ દર્દીને કોઇ ટેસ્ટ કરાવવાની જરૂર નથી, છતાં બ્લડ ટેસ્ટ, યુરિન ટેસ્ટના નામે પેથોલોજી વાળાને ત્યાં કમિશનનું ચક્કર ફેરવવા માટે મોકલી દેશે.

અધર્મ છે, ખબર છે, પણ સિસ્ટમમાં ફીટ બેસવા અધર્મ કરે છે.

એક શિક્ષક જાણે છે કે સત્ય શું છે, ધર્મ શું છે. વિદ્યાર્થીને ક્લાસમાં સંપૂર્ણ પ્રામાણિકતાથી ભણાવવો એ શિક્ષકનો ધર્મ છે, છતાં પણ ટ્યૂશનની જરૂર પડે એ હેતુથી ક્લાસમાં અધકચરૂં જ ભણાવે છે. આ અધર્મ છે, પણ 'થોડા તો ચલતા હૈ'

સામા પક્ષે વિદ્યાર્થી પણ વર્ગખંડમાં બેસવા ખાતર બેસે છે. પરીક્ષામાં ચોરી કરવી અધર્મ છે, અસત્ય છે, પણ થોડું આગળ પાછળ જોઇ લેવું. આટલો નાનો અધર્મ આચરવાનું છોડી શકતો નથી.

માતા-પિતા સંતાનના માર્ક્સ વધારવા માટે પરીક્ષાના પેપર ફોડવાના પૈસા આપવાનો અધર્મ આચરતાં અચકાતા નથી.

એક નેતા જાણે છે કે ચૂંટણીમાં અપાયેલ વાયદા પોકળ છે, ખોટા છે, પણ નેતા આવા ખોટા વાયદા આપ્યા વગર અધર્મ આચર્યા વગર ચૂંટાઇ જ ન શકે.

અને આ બધાની ઉપર આપણે સૌ ક્યાંક ને ક્યાંક આવા અધર્મ આચરતાં લોકોને પુષ્ટિ આપીએ છીએ. તેમણે આપેલા અધર્મને સહન કરીએ છીએ... આમ કરીને આપણે તેમાં બરાબર સહભાગી બનીએ છીએ. ખબર બધી છે પરંતુ કોચલામાંથી બહાર નીકળી શકતા નથી.

જીવનને સ્વપ્ન માનું છું, મગર ત્યાગી નથી શકતો
છું એવી જાગૃતિમાં કે વધુ જાગી નથી શકતો
- બેફામ

બોલે કોણ ચાર! આ આખી સિસ્ટમની સામે બોલ બોલ કરીને શું ફાયદો! ટ્રાફિક સિગ્નલ પર લાંચ લેતા હવાલદારને પચાસની નોટ આપીએ છીએ તે અધર્મ છે પણ સબ ચલતા હૈ ચારો.

ચૂંટણીમાં મતદાન કરવા જ ન જાવ અને ઘરે બેસીને ટી.વી. પર એક્ઝિટ પોલના તારણો જોતા રહીએ તે યોગ્ય તો નથી જ ને! પણ...

બાળકને એડમિશન અપાવવા માટે ડોનેશન આપવાનું અકૃત્ય કરવું એ બરાબર તો નથી પણ...

નવી - નવી છટકબારીઓ શોધીને ટેક્સમાં રાહતો મેળવવી, તેની સામે સી.એ.ની ઊંચી ફી ચૂકવીએ છીએ. આ સાચું નથી પણ...

બોર્ડ એક્ઝામ નજીક છે, પરંતુ તમારા ઘરની બહાર જ લગ્નની આગલી રાતે ગરબાના નામે ડી.જે.ની ધૂમ અડધી રાત સુધી બોલાવાય છે, પણ આપણે ચૂપ છીએ, વિરોધ નથી કરતા, આને અધર્મ ન કહેવાય?

બિલ લીધા વિના કોઇ વસ્તુ ખરીદવી એ ખોટું છે, પણ થોડા રૂપિયા બચતા હોવાના કારણે આપણે બિલ નથી માંગતા આ સાચું તો નથી જ ને!

ટેલિફોન બિલ, લાઇટ બિલની લાઇનમાં ઊભાં હોઇએ, ૧૦ વાગે બારી ખૂલવાની હોય અને પેલા કર્મચારી વાતોના તડાકા મારતો મારતો મોડો મોડો આવે છે છતાં આપણે ચૂપ રહીએ છીએ... આપણે ચૂપ રહેવાનું છોડી શકતા નથી - આ આપણો સ્વભાવ બની ગયો છે.

આપણી આસપાસ એવી ઘણી બધી પ્રવૃત્તિઓ થતી રહેતી હોય છે જે ખોટી છે - અન્યાયી છે, પરંતુ આપણે આંખ આડા કાન કરીએ છીએ, આ અધર્મનો સ્કેવર છે, ક્યૂબ છે.

આજના સમયમાં શત-પ્રતિશત સત્ય નામની કોઇ ચીજ રહી નથી સત્યવાદી હરિશચંદ્ર કે ધર્માત્મા યુધિષ્ઠિરના કેરેક્ટર સિરિયલમાં કે નાટકમાં પણ શોભાનાં ગાંઠિયાની જેમ આવે છે અને જાય છે, ફક્ત આવે છે અને જાય છે.

સત્યની અંદર ભેળસેળ ન હોય કે ધર્મમાં અધર્મની છાંટ ન હોય એવું કોરૂં સત્ય શૂળી પર ચઢાવી દે તેવું હોય છે, એટલી સમજ આપણે બધા મેળવી ચૂક્યા છીએ... અને માટે જ સગવડીયો ધર્મ અથવા તો કહીએ કે અધર્મ અપનાવતા શીખી ગયા છીએ... બની શકે ત્યાં સુધી સત્યાગ્રહી બનવું, નહીંતર દુર્યોધનવાળી કરી નાખવાની...

જાનામિ અહં ધર્મ, ન ચ મે પ્રવૃત્તિ...
જાનામિ અહં અધર્મ, ન ચ મે નિવૃત્તિ...

માણસ ભૂતકાળ વાગોળ્યા કરે છે અને ભવિષ્યની કલ્પનામાં રાચતો રહે છે, વર્તમાનકાળ એના પોતાના જ હાથમાં છે પણ એ હાથે કરીને હોળી રમે છે, વર્ષોના અનુભવ પછી સુખની એક ચાવી જડે છે : 'વર્તમાનમાં જીવો

વર્તમાનમાં જીવો

- પી.એ. પરમાર (દર્શન)

માણસ પાસે અત્યારે જે છે તેને તે માણતો નથી અને જે નથી તે મેળવવા દોડાદોડી કરે છે. બાવાનાં બે ય બગડે છે. આજ એ આવતીકાલ છે જેની તમે ગઈકાલે ચિંતા કરતા હતા. ગઈકાલ તમે પાછી લાવી શકતા નથી અને આવતીકાલનો કોઈ ભરોસો નથી. સવારે રાજા રામનો રાજ્યાભિષેક નક્કી જ હતો પણ શું થયું? વનવાસ. આપણા હાથમાં આપણે હાથ પણ નથી. છતાં માણસ ભૂતકાળ વાગોળ્યા કરે છે અને ભવિષ્યની કલ્પનામાં રાચતો રહે છે. વર્તમાનકાળ એના પોતાના જ હાથમાં છે પણ એ હાથે કરીને હોળી રમે છે. વર્ષોના અનુભવ પછી સુખની એક ચાવી જડે છે: 'વર્તમાનમાં જીવો.'

વર્તમાનમાં જીવો એ બે શબ્દો બોલવા, કહેવા. સાંભળવા માટે તો બહુ સહેલા છે પણ આચરી બતાવવા એ લોખંડ- સ્ટીલના ચણા ચાવવા જેટલું કઠણ છે. વર્તમાનમાં જ ભૂતકાળ અને ભવિષ્યકાળ સુધારવાની તાકાત છે. આજનો સોમવાર રવિવારે બધાને માટે એક ભવિષ્યકાળ હતો અને મંગળવારે સોમવાર ભૂતકાળ બની જવાનો છે. આથી આજના સોમવારમાં ત્રણેય કાળ છે એ જોતાં જો બધું જ ધ્યાન સોમવારે એટલે કે વર્તમાન ઉપર કેન્દ્રીત કરવામાં આવે તો બધું જ તમારી મુઠ્ઠીમાં છે. કરે લો દુનિયા મુઠ્ઠી में.

ભૂતકાળને ભૂલી જ જાવ એવો અર્થ રખે કરતાં. ભૂતકાળના અનુભવને વર્તમાનમાં કામે લગાડવામાં ક્શું ખોટું નથી જે સારાં સારાં પરિણામને એક્સીલેટર આપે છે પરંતુ જે ભૂતકાળ તમારો વર્તમાન રફેદફે કરી નાંખે એવો હોય તો કોઈને ય પૂછ્યા વગર બ્રેક મારવી જ પડે છે. ગતિ સાથે મતિથી કામ લે કો બેડો પાર. અમારા વખતે ૬૦ (સાઈઠ) રૂપિયામાં સીંગતેલનો આખો ડબો મળતો હતો અને હવે ૨૧૦૦ રૂપિયામાં મળે છે એ ભૂતકાળની વાત વર્તમાનની મજાને મારી નાખે છે - એવી ભૂતકાળની વાતો વાગોળવાથી આજનો કોળિયો કડવો કરી નાખે એ વાતો ભૂલી જવામાં જ સાચું શાણપણ છે. માણસએ ભૂલી જાય છે તે વખતે પગાર રૂા. ૪૦૦ હતો અને આજે પૂરા રૂા. ૪૦,૦૦૦ છે. વર્તમાનમાં જીવો.

તમે અત્યારે ખેતરમાં જે બીજ વાવો છો એ આવતીકાલનું કણસલું છે. તમે હાલ જે વ્યવસાય કરો છો એનો જ પગાર પહેલી તારીખે તમને મળે છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

આજે બાળ સાહિત્યકારનો દુષ્કાળ છે, ત્યારે શ્રી હસમુખ બોરાણિયા શિશુ-કલ્યાણ અર્થે અષાઢી મેઘની જેમ વરસી રહ્યાં છે

શિશુનું સતત સ્મિત ઝંખતા શિક્ષક, સર્જક હસમુખ બોરાણિયા

મોંઘેરા મોતી

- નટવર આહલપરા

એક ઈટાલિયન કહેવતથી શિક્ષક, સર્જક હસમુખ બોરાણિયાને મળીએ...

ફૂલોને ચૂંટી લો, કાંટાને છોડી દો,
સારૂં ગ્રહણ કરો,
નઠારૂં છોડી દો.

વર્ષ ૨૦૦૪માં અમરેલી જિલ્લા કક્ષાએ શિક્ષક એવોર્ડથી સન્માનિત થઈ ચૂકેલા હસમુખ એન. બોરાણિયાનું માદરે વતન છે. અમરેલી જિલ્લાનું બાબાપુર ગામ તા.૧૮-૫-૧૯૫૯ના રોજ જન્મેલા બોરાણિયાએ પીટીસીની ઉપાધી પ્રાપ્ત કરી છે. પ્રાથમિક શિક્ષકના વ્યવસાયની વચ્ચે ધબકતા ઋજુ હૃદયના આ માણસને શિશુની અને તેના માતાપિતાની ક્ષણે ક્ષણે ચિંતા થાય છે. તેમની સાબિતા રૂપ તેમનાં પુસ્તકો 'ઝંખના' અને 'ઝબક' છે. પોતાના બાળકની ઉપાધી કરતાં માતા પિતાએ લેખકના બંને પુસ્તકો વારંવાર વાંચવા જોઈએ. જેથી તેમના અનેક પ્રશ્નોના ઉત્તર મળી જશે. શિશુ કથા ઉપરાંત પ્રેરક વાર્તા બાળક પ્રત્યેની શિક્ષક - સર્જકની સંવેદનાની પ્રતીતિ કરાવે છે.

બાળકના હૃદય સુધી પહોંચવા મથતા હસમુખ બોરાણિયાનાં સાથીદાર રેખા બહેન પણ પ્રાથમિક શિક્ષક છે. કેવી મજાની વાત! પુત્ર બીરેન બી.ઈ. મિકે.નો અભ્યાસ કર્યો અને એલ.એન.ટી. વડોદરામાં કાર્યરત છે. પુત્ર અંક્તિ ડિપ્લોમા સિવિલનો અભ્યાસ કરે છે. પુત્રવધુ તૃપ્તિ બિરેને કેમિસ્ટ્રી વિષય સાથે એમએસ.સી. કર્યું છે.

પ્રભુ ભજનને છોડી બાળકનું સ્મિત જોવા ઝંખતા આ સર્જક ક્રિએટીવ છે. અમરેલી જિલ્લા ગઘસભામાં સક્રિય રહે તો સાથે-સાથે 'સર્જક સેતુ' પત્રિકાનું સંપાદન કરે, 'શબ્દાંકન' વડોદરામાં પણ પોતાનો પગ રાખે.

ગુજરાતી બાળસાહિત્ય અકાદમી, પુસ્તક પરખમાં સભ્ય પદે રત શ્રી બોરાણિયાનો પુસ્તક પ્રેમ સલામને પાત્ર છે. ગુજરાતમાં પ્રથમ, વર્ષ-૨૦૦૭માં માતુશ્રી પ્રભાતબહેન નાગજીભાઇ બોરાણિયા ઘર પુસ્તકાલયનો અમરેલીમાં પ્રારંભ કર્યો છે. બે હાથમાં લાડું રાખવા જેવી અનુભૂતિ કરતાં - કરતાં ભરાડ ફાઉન્ડેશન દ્વારા મુક્તાનંદ બાપુ જ્ઞાનતુલામાં 'ઝબક' પુસ્તકનાં સર્જનથી ઊભર્યાં છે. લઘુકથા, લઘુલેખો, પ્રસંગ કથા, હાસ્યલેખો, કાવ્યો, જોડકણાંનાં સર્જક સાથે આ શિક્ષક, શિક્ષણ વિષયક લેખન સંશોધનમાં રસ દાખવે છે.

પ્રતિષ્ઠા વર્તમાનપત્રોમાં, બાળ સાહિત્ય વિષયક સામયિકોમાં તેમજ સમાજના સામયિકોમાં પોતાની કૃતિ સાથે સતત દેખા દેતા શ્રી બોરાણિયાના સર્જકને શ્રી રાધેશ્યામ શર્માએ તથા વંદિતા રાજ્યગુરૂએ પ્રમાણ્યું છે. શ્રી હસમુખ બોરાણિયા બાળ માનસના ચિંતક છે. તેમનો એક સુંદર ચિંતન વિચાર પ્રસ્તુત છે : 'બાળકો કે પ્રાણીઓની બલિ ચડાવી તમારૂં ભવિષ્ય સુધારવાની સલાહ આપતા કે, તમારી ખોવાયેલી વસ્તુ અંગે આગાહી કરતાં લોકો દૈવશક્તિ ધરાવતા પૂજનીત વ્યક્તિ નથી. પરંતુ મનોરોગી છે.' આવું ચિંતન, લઘુલેખો, લઘુકથાને શ્રી ઇશ્વર પરમાર, શ્રી રતિલાલ બોરીસાગર, શ્રી રજનીકુમાર પંડ્યાએ આવકાર્યા છે. મને પણ તેમની રચનાઓમાંથી કેટલીક પંક્તિઓ અહીં ઉતારવી ગમે છે.

બાંધવો છે ચબૂતરો
ગામનાં ને ગામમાં,
રોકવો છો ચાડિયો
ગામમાં ને ગામમાં.

આજે બાળ સાહિત્યકારનો દુષ્કાળ છે. ત્યારે શ્રી હસમુખ બોરાણિયા શિશુ-કલ્યાણ અર્થે અષાઢી મેઘની જેમ વરસી રહ્યાં છે. 'વાંચે ગુજરાત' જેવા અભિયાન હોય કે, બાળ માનસ, બાળ કેળવણી કે શિક્ષણ, સાહિત્યનાં સંવાદો હોય, પણ અમરેલીના શિક્ષક-સર્જન બધે હાજર હોય, વાલી મિત્રોને એટલું તો ચોક્કસ કહીશ કે, ફળનાં રાજા કેરીને ખાવી હોય તો ફળના વેપારી પાસે જ જવું પડે. એમ શ્રી હસમુખ બોરાણિયાને વાંચવા તો તેમની પાસે જવું પડશે.

આપણે કહીએ, 'તંદુરસ્ત રહે, સ્વસ્થ રહો અને હસમુખ તો છો જ. સદાય હસમુખ રહો. સૌને હસતાં રાખતાં રહો.'

તેમનો મો. નં. છે : ૯૯૭૯૨૩૩૭૫૯

વાતચીત કરવાથી આપણા ઘણા ભય દૂર થઈ શકે છે, ડરનું દબાણ ઓસરી જાય છે...

લાગણીનો મેળો

- રસિક વાળંદ 'નિર્ઝર'

આભ છો બદલ્યા કરે ને તેજ, છાયા રંગ,
ધ્રુવ તેના સ્થાન પર રહેશે સદા નિઃશંક

સ્વામી વિવેકાનંદજીએ માનવજાતના ઉત્થાન માટે પાર વગરની પ્રેરણા આપી છે. એમની પ્રેરણાવાણી મડદાંને પણ બેઠાં કરી શકે તેવી સંજીવની પ્રદ છે. એમના દિવ્ય સંદેશાઓ નજર સમક્ષ રાખવા રહ્યા. આ રહ્યો એક મજકુર સંદેશ...

"કોઇ પણ સંજોગોમાં ડરને તમારા મનમાં પ્રવેશ કરવા દેતા નહીં, એ પેલા પ્લેગના જંતુ છે એમ સમજીને ડરને છેટેથી સલામ કરજો. ઉધઇ જેવી આ વિધ્વસંક લાગણી તમારા જીવનને છિન્નભિન્ન કરી નાખે એ પહેલાં ચેતી જજો, એના હાથમાં સત્તા ન રહેવા દેશો આ ડરનાં અનેક રૂપ હોય છે. એનું એક પણ રૂપ તમને તંગ ના કરી જાય એનું ખાસ ધ્યાન રાખજો."

- આવી પ્રેરકવાણીના અસંખ્ય સંદેશા સ્વામીજીએ આપી માનવજાતને ઝકઝોરી છે. આ પ્રેરણાવાણી સંજીવની પ્રદ છે. આ શબ્દોની સાથે સ્વામી વિવેકાનંદની નિર્ભયમૂર્તિ નજર સમક્ષ તરવરે છે. દૃઢતાપૂર્વક બીડાયેલાં એમના હોઠ, તેજસ્વી આંખો અને આગ્રહીસીનો આપને એક પળમાં ખ્યાલ આપી દે છે કે આ મહામાનવે નિર્ભયતાને પોતાના જીવનમાં કેટલું સ્થાન આપ્યું હશે.

શ્રી અરવિંદે કહ્યું છે, "બાળક જયારે જન્મે છે ત્યારે તેનામાં કોઇ ભય નથી હોતો. એનો અર્થ એવો થયો કે આ ભય એણે પાછળથી પ્રાપ્ત કરેલો હોય છે. જે ભય ભાવના પહેલાં નહોતી ને પાછળથી આવી એને દૂર પણ કરી શકાય છે. આ માટે એક વાત સમજવાની છે. તમને કોઇ ડરના ખાડામાં ફંગોળી ના મુકે તેની ખાસ કાળજી રાખો તો એક કામ તો થઇ ગયું ગણાય."

આપણે સ્વસ્થ ચિત્તે વિચારીએ તો આપણે જાતે ડરીએ છીએ. એથી પણ વધારે તો ડરાવવામાં આવે છે. આ ઉછીનો ડર ઘર કરી બેસે છે. આપણું મન સતત ભયાક્રાન્ત રહે છે. આ મનની છૂપી ભાવનાને ભૂલવા પ્રયાસ કરવાથી અચેતન મનમાં વધુને વધુ ઘરબાની જશે જે ક્યારેક તો જાગીને ધૂણશે ને ધૂણાવશે.

હું એવું માનું છું કે મનમાં રહેલ ભયગ્રંથિને અન્ય આગળ વ્યક્ત કરતા રહો. તમારા કોઇ મિત્ર, વડીલ, સ્વજન કે જાણકાર આગળ પેટ છૂટી વાત કરતાં શીખો. હમણાં એક સજ્જન વડીલે કૂવો પૂર્યો, આર્થિક વેતરણની અસમર્થતા એના મોતનું કારણ બન્યું. મર્યા પછી એના સ્વજનો, ગ્રામજનોને કહેતાં સાંભળ્યા કે, 'જો અમને પેટ છૂટી વાત કરી હોત તો કંઇક રસ્તો કાઢત... આવું પગલું ભરવું જોઇતું ન હતું... વગેરે વગેરે...

દોસ્તો... આવા તો અનેક કિસ્સાઓ બનતા રહે છે... વાતચીત કરવાથી આપણા ઘણા ભય દૂર થઇ શકે છે. ડરનું દબાણ ઓસરી જાય છે... જાત સાથે એક પ્રયોગ કરવા જેવો છે. કે તમારે આજે કયા ડરનો સામનો કરવાનો છે. આ પછી ગઇકાલે કઇ વાતનો જર હતો જે દૂર થયો આમ આગળ પાછળ જીવન પાનાં ઉથલાવશો તો ડર ક્યારે જન્મ્યો ને ક્યારે ખર્યો તેનો અંદાજ આવશે.

અમારા એક પરિચિત ધનાઢ્ય મિત્ર સાથે વાતમાં વાત નીકળતાં એમનાથી સહજ બોલી જવાયું. મારી પાસે પુષ્કળ પૈસા છે પણ હું કોઇ અજ્ઞાન ભયથી પિડાયા કરૂં છું. મેં સહજ પ્રત્યુત્તર વાળ્યો; 'તમે તમારી જાતને' 'પંડ' માં બાંધી છે તેમાંથી મુક્ત કરી અન્યને ઉપયોગી થવાનું શરૂ કરો. સમય જતાં બધું જ આપોઆપ સમજાઇ જશે. વધુ સ્પષ્ટતા કરતાં ઉમેર્યું, પહેલાં અન્યના કામમાં આવો, કોઇને ઉપયોગી થવામાં શક્તિ વાપરવાથી ભય પર કેન્દ્રિત થયેલું આપણું ધ્યાન વિકેન્દ્રિત થશે. સાથે સાથે કંઇક કર્યાનો આત્મ સંતોષ તમને ઠારશે. સાંત્વના આપશે.

આજના સ્વાર્થાંધ વ્યક્તિએ એ શીખવું જરૂરી છે કે જાતને ખોઇને જગત મેળવી શકાય છે. જગત તરફ હસશો તો જગત હસતું દેખાશે. આ એક મન ઘડતરની પ્રક્રિયા છે. નિર્ભયતા જ સર્વગુણોની દાત્રી છે. તેથી જ ભક્તનાં લક્ષણો વર્ણવતાં ગીતાકારે પ્રથમ "અભય" ને સ્થાન આપ્યું છે.

દોસ્તો... પરમ નિર્ભય બની રહેવા માટે એક સુંદર સાધન છે પ્રભુની પ્રાર્થના. જે શ્રધ્ધા અને આસ્થાના અંશ છે એમને માટે તો પ્રાર્થના નિર્ભયતાનું અમોઘ સાધન બની રહે છે. જગન્નિયંતાને પ્રાર્થીએ કે...

હે પ્રભુ! તારી અસીમ શક્તિ મારી વહારે મોકલી મને નિર્ભય બનાવ.

હે મારા મન! આપણે વળી ડરવાની શી જરૂર? આપણે સંજોગોના દાસ નથી તેનાં નિર્માતા, નિયંત્રણકર્તા અને સ્વામી છીએ માટે આપણે સર્વદા નિર્ભય રહીએ...!!!

- : સ્પર્શમણિ : -

જીવનનો હેતુ માત્ર સગવડો વધારવાનો જ નથી; પણ સંસ્કૃતિ - નિર્માણનો પણ છે, કારણ કે સંસ્કૃતિ જ માનવ જીવનને ઉત્તરોત્તર સભર કરે છે. સંસ્કૃતિ એ જીવનનો સાર છે, એ જ માનવ જીવનને પોષે છે અને ઉત્તરોત્તર વિકસાવે છે.

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૨૦મી નવેમ્બર

● ખંડ કાવ્યના જનક, નાટ્ય લેખક ગુજરાતી કવિતા-કલાનો વિજય ટંકાર કરનારા કવિ કાન્ત-મણિશંકર ભટ્ટનો જન્મ ૧૮૬૭. ભાવ, ભાષા, છંદ, અર્થ, ધ્વનિ, વ્યંજન, લય, માધુર્ય પ્રસાદિકતા ગમે તે સરાણે ચડાવો કવિ કાન્તની કવિતા દોષ રહિત રહી છે.

● માભોમ ખાતર મોરી ફીડનારા સત્યેન્દ્ર બસુ, કન્હાઈ દત્તની પુણ્યતિથિ.

અંગ્રેજ અમલદારો દ્વારા ફાંસીની સજા મેળવનારા આ શહિદોએ સ્વાતંત્રનો ઈતિહાસ સજર્યો.

● કોગ્રેંસ સોશ્યાલિસ્ટ પાર્ટીના સ્થાપક મીનોચર રૂસ્તમજી મસાણીનો જન્મ - ૧૯૦૬.

● ૧૯૬૯ - રાજ્યસભાના પ્રથમ મહિલા ઉપાધ્યક્ષ વાયોલેટ આલ્વાનું અવસાન.

● ૧૮૭૦ - વડોદરાના મહારાજા આપાસાહેબ ખંડેરાવનું અવસાન.

● ૧૮૮૮- ૧૯૨૭માં પહેલી હવાઈ ટપાલ પરિષદમાં હિન્દના પ્રતિનિધિત્વ તરીકે જનારા ગુરૂનાથ બેવુરનો જન્મ.